# શહેરમાં વધુ ૪ અને ગ્રામ્યમાં ૪ કેસ

## શહેરમાં વધુ ૧નું સારવાર દરમ્યાન મોત : મૃત્યુઆંક ૨

**સેક્ટર-૨૪ની ૧૮ વર્ષીય યુવતીનું સારવાર દરમ્યાન મોત**
**સે. ૨૪, ૧૨-બી અને સે. ૨૨ અને સે-૨૯માંથી ૧-૧ કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૩ પર પહોંચી છે. શહેરમાં વધતા જતા કેસોને લઈ મનપા તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આજે ગાંધીનગર શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન એક ૧૮ વર્ષીય યુવતીનું પણ મૃત્યુ થયુ છે. આ સાથે કોરોનાને કારણે શહેરમાં બે વ્યક્તીના મૃત્યુ થયા છે.

સે. ૨૪ ની આ યુવતીને ગઈકાલે બેહોશ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લવાઈ હતી જ્યાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ આજે સવારે સારવાર દરમ્યાન તેનુ મોત નીપજ્યુ છે. આ સમાચાર વાયુવેગે સે. ૨૪ અને શહેરમાં પ્રસરતા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મનપા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ યુવતીના પરિવારના નવ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે.

સે. ૨૪ ના ઈન્દિરાનગર વિસ્તારમાં આ યુવતીના અવસાનને પગલે શોકનો માહોલ છવાયેલો છે.

દરમ્યાન આજે જે ૩ કેસ મળી આવ્યા છે તેમાં સે. ૨૪ માંથી એક સે. ૧૨-બી માંથી એક અને સે. ૨૨ માંથી એક કેસ મળી આવેલ છે.

સે. ૧૩ ના છાપરામાંથી ગઈકાલે મળેલ કેસને પગલે આજે તંત્ર દ્વારા સે. ૧૩ ની ઝુંપડપટ્ટીના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી

● અનુસંધાન પાન-૭ પર

### સે. ૨૯ ની વંદેમાતરમ્ કોલોનીમાં કોરોનાનો કેસ

ગાંધીનગર સે. ૨૯ની વંદેમાતરમ્ કોલોનીમાં એક કેસ કોરોના પોઝીટીવનો નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા અન્ય બિમારીથી પણ પિડીત છે અને તેની ઘણા સમયથી અમદાવાદની એસ.વી.પી.માં સારવાર પણ ચાલે છે. તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

## ગ્રામ્યમાં વધુ ૪ કેસ

**૪ દર્દીઓ રિકવર થતાં તેમને રજા અપાઈ : જિલ્લામાં ૪૬૪૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૧, કલોલમાંથી ૨ અને માણસા તાલુકામાંથી ૧ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામેથી આજે કોરોનાનો એક કેસ મળી આવેલ છે. ૪૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગેરેજના કામ સાથે સંકળાયેલ આ યુવાન ગત સપ્તાહમાં ચાંદખેડા ખાતે ગયો હોવાનું જાણવા મળેલ છે. તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ યુવકના પરિવારના પાંચ જેટલી વ્યક્તીઓને ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે. તંત્રે ખોરજના જુના હુડકો વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

કલોલમાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ધમાસણા ગામેથી એક કેસ મળી આવેલ છે જ્યારે બીજો કેસ કલોલ અર્બનના રેલવે પૂર્વમાંથી મળી આવેલ છે.

આ બન્ને દર્દીઓ આધેડ વયના છે અને બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. બન્ને દર્દીના પરિવારના ૧૧ જેટલા સભ્યોને ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવેલ છે. જ્યારે ૧૫૦ થી પણ વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

કલોલ તાલુકામાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૪૦ થઈ ગઈ છે. જો કે નોંધાયેલા આ ૪૦ દર્દી પૈકી ૨૭ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આજે નોંધાયેલા કેસો પણ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકાના બદપુરામાંથી આજે એક ૨૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ યુવક વાહનના લે-વેચનો વ્યવસાય કરતો હોવાનુ જાણવા મળેલ છે. બદપુરા ગામમાં આ ૪થો કેસ નોંધાયો છે. આ યુવાન હિંમતનગર ગયો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૪૬૪૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૪૫૧૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે તો ૪૯ લોકો ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ક્વોરોન્ટાઈન કરાયા છે જ્યારે ૮૪ લોકોને પ્રાયવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૧૭૭૮ લોકો, દહેગામમાં ૮૮૨ લોકો, માણસામાં ૩૫૨ લોકો અને કલોલ તાલુકામાં ૧૬૩૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૪ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જેમાં ૩ મહિલા દર્દી અને ૧ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

## રાજ્યમાં જડબેસલાક લોકડાઉન એ માત્ર અફવા : રૂપાણી

**લોકડાઉન-૫ અમલમાં આવશે કે નહીં તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી**

ગાંધીનગર,તા.૨૯

કોરોના મહામારીને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકડાઉન-૪ ચાલી રહ્યું છે. આ લોકાઉન આગામી ૩૧મી મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. એક તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસે લોકડાઉન-૫ને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે અને તેમની સૂચનો મંગાવાય રહ્યા છે, ત્યારે ગુજરાતમાં આગામી પહેલી જૂનથી લોકડાઉન-૫ અમલમાં આવશે અને ફરીથી બંધું બંધ કરી દેવામાં આવશે, તેવી અફવા ઉડી હતી.

આજે મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું છે કે, રાજ્યમાં કેટલાક લોકો આગામી ૧ જૂનથી લોકડાઉન-૫ અમલમાં આવશે અને ફરીથી બધું બંધ કરી દેવામાં આવશે, એવી અફવા ફેલાવી રહ્યા છે. આ વાતો તદન ખોટી છે અને અફવાથી વિશેષ કંઈ નથી. ગુજરાત સરકારે આ પહેલા અપાયેલી કોઈ પણ છૂટછાટ પાછી લેવાનો કોઈ નિર્ણય લીધો નથી.

આ સંજોગોમાં નાગરિકો આવી ખોટી અફવાઓથી દૂર રહે અને સરકાર પર વિશ્વાસ રાખે તેમ પણ મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકાર લોકડાઉન અંગે નિર્ણય લે તે પછી રાજ્ય સરકાર નિર્ણય લેશે. નોંધનીય છે કે, હજુ સુધી લોકડાઉન-૫ અમલમાં આવશે કે નહીં તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કર્યા બાદ હવે પછી લોકડાઉન મુદ્દે જાહેરાત કરવામાં આવશે. એ જાહેરાત પછી રાજ્ય સરકાર નિર્ણય લેશે.

### શહેરમાં વાતાવરણ પલટાયું....



## પાન પાર્લરો ખુલ્યા પરંતુ પાન નથી બંગાળ- ઓરિસ્સાની ટ્રેઈન શરૂ થાય તો..

**શહેરમાં બનારસી , કલકત્તી મીઠું પાન ખાનારાઓની સંખ્યા વિશેષ : શહેરમાં બંગાળ ઓરિસ્સાથી પાન આવે છે પરંતુ ટ્રેઇન સેવાના અભાવે હાલ પાન મળતા નથી**

ગાંધીનગર, તા.૨૯

ખઈ કે પાન બનારસવાલા .. અમિતાભ પર ફિલ્માવાયેલુ આ ગીત સૌ કોઈના મોઢે ગણગણતુ હોય છે. જો કે હાલની સ્થિતિમાં




આ ગીત ગાઈ શકાય પરંતુ પાન ખાઈ ન શકાય તેવી સ્થિતિ છે. કોરોના કાળમાં લાંબા લોકડાઉન બાદ માંડ પાન માવાની દુકાનો ખુલતા માવા અને તમાકુના બંધાણીઓને હાંશકારો થયો છે. પરંતુ હાલ પણ ઘણી દુકાનોમાં સ્ટોકના અભાવે અમુક જ ચીજવસ્તુઓ મળતી હોવાની ફરિયાદો પણ વ્યસનીઓ માટે નારાજગીનુ કારણ બની છે. બીજીતરફ શહેરમાં સેકટરો સહીત ન્યુ ગાંધીનગરમાં પાન ખાવાના શોખીનોની સંખ્યા પણ વિશેષ છે. શહેરના જાણીતા પાન પાર્લરોમાં રાત્રિના સમયે પાન ખાવા માટે ભીડ પણ જામે છે. પરંતુ હાલની સ્થિતિએ પાન મળતા નથી. કોરોનાના કહેર વચ્ચે લોકડાઉન બાદ પાન પાર્લરો ખુલી ગયા છે. પરંતુ પાન નથી. આ અંગે સે-૨૧ ઓમકાર પાનપાર્લરના ઓમકારસિંગ ઠાકોરના જણાંવ્યા મુજબ પાન રસિયાઓની ડીમાન્ડ પુરી થતી નથી. કારણ કે બજારમાં પાન આવતા જ નથી. ટ્રેઈન સેવા પુરતા પ્રમાણમાં શરૂ થાય ત્યારબાદ જ પાન મળશે. બંગાળ અને ઓરિસ્સામાંથી પાનનો સ્ટોક આવે છે. બંગાળી બનારસી, કલકત્તી પાન હાલ બજારમાં આવતા જ નથી ટ્રેઈન સેવા ધમધમતી થાય ત્યારબાદ જ પાન રસિયાઓને પાન પિરસી શકાશે. કેટલાકને પાન ખાવાનુ વ્યસન હોય છે. જયારે શહેરમાં રોજ રાત્રિના મીંઠુ પાન ખાનારા પરિવારનોની સંખ્યા પણ વિશેષ છે. પરંતુ લોકડાઉનના લીધે હાલ પાન અમદાવાદ કે ગાંધીનગરમાં આવતા નથી જો કે કેટલાક ઠેકાણે કપુરી પાન મળે છે. જે ખાઈને સંતોષ માની લે છે. પરંતુ બનારસી કે કલકત્તી પાન ખાવાનો મિજાજ ધરાવતા પાન રસિયાઓની ધીરજ ખુટી છે. શોક બડી ચીજ હૈ .. પાન પાર્લરો ખુલ્યા છે પણ પાનના બીડલા નથી.. જો કે આગામી એકાદ સપ્તાહમાં પાન મળશે તેવી પણ પાન રસિયાઓને આશા છે.



આકાશમાં વિહરતા પંખીઓ ખોરાકની તલાશમાં જમીન પર આવે ત્યારે પહેલું કામ ચુબતરો શોધવાનું કરે. પંખીઓ માટે નિયમિત રીતે જયાં ચણ નાંખવામાં આવે છે તેવા કલાત્મક ચબુતરાઓ હવે ગણ્યા ગાંઠયા જ જોવા મળે છે. ચબુતરાની આસપાસ સવાર-સાંજ એકત્ર થતાં કાબર, પોપટ, ચકલીઓ જેવા પંખીઓનો કલબલાટ સાંભળવો પણ જાણે હવે ભૂલાઈ ગયો છે. ચબુતરાઓ જ નથી તો પંખીઓનો મેળો કયાં જામે...? જો કે હવે ચબુતરાઓના સ્થાને આવા નાનકડા બર્ડ ફીડર આવી ગયા છે. પક્ષી પ્રેમીઓ પોતાના ઘરના આંગણામાં પોતાના આગવા નાનકડા ચબુતરા જેવા 'બર્ડ ફીડર' લગાવી પંખીઓને ચણ નાંખવાનો નિયમ બખુબી જાળવી રહ્યા છે.

## અન્ય બિમારી ન હોય તેવા કિસ્સામાં દર્દીઓમાં મૃત્યુનુ પ્રમાણ માત્ર ૧.૪ ટકા

**જયારે હદયરોગ, ડાયાબિટીસ, કેન્સર, ફેફસા અને હાયબીપીના દર્દીઓમાં કોરોનાના લીધે મૃત્યુદર ૭.૬ થી ૧૩.૨ ટકા સુધીનો જોવા મળે છે. : ડો દિનેશ પંડયા**

ગાંધીનગર તા ૨૯

કોરોનાના નવા કેસો વધી રહ્યા છે. રોજબરોજ કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જયારે કોરોનાની સારવાર બાદ સાજા થતા દર્દીઓની સંખ્યા પણ દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે અન્ય કોઈપણ પ્રકારની બિમારી ન હોય તેવા કિસ્સામાં કોરોનાથી થતા મૃત્યુનો દર માત્ર ૧.૪ ટકા જ હોવાનુ પણ આંકડા પરથી સ્પષ્ટ થાય છે. જયારે હૃદયરોગ, ડાયાબીટીસ કે ફેફસા અને કેન્સરની બિમારી ધરાવતા દર્દીઓ કોરોનામાં સપડાય તો તેવા કિસ્સામાં મૃત્યુદર વધીને ૭.૬ થી ૧૩.૨ ટકા સુધીનો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ૮૦ વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા દર્દીઓમાં મૃત્યુનો આંક ૨૧.૯ ટકા છે.

ભારત સહીત દેશ દુનિયામાં અત્યાર સુધી અનેક વાયરસ આવ્યા છે.વર્ષ ૧૯૧૮ થી ૨૦ માં સ્પેનિસ ફલુમાં દોઢ કરોડથી વધુ મૃત્યુ થયા હતા. જયારે વર્ષ ૧૯૯૮માં આફ્રિકામાં મારબર્ગ, ૨૦૦૭ માં ઈબોલા, ૨૦૦૮ માં બુજો, ૨૦૦૯માં સ્વાઈન ફલુ, ૨૦૧૪ માં ઈબોલા તેમજ ચિકનગુનિયા સહીતના રોગચાળાએ એન્ટ્રી લીધી હતી. જયારે ફલુના લીધે ભારતમાં વર્ષ ૨૦૧૬ માં ૨ હજાર, વર્ષ ૨૦૧૭ માં ૪૦ હજાર, વર્ષ ૨૦૧૮ માં ૧૭ હજાર અને વર્ષ ૨૦૧૯ માં ૩૦ હજાર મૃત્યુ થયા છે. જયારે કોરોનાના લીધે ગત ૨૪ મે સુધીમાં ૩૮૬૦ મૃત્યુ થયા છે.

તે રીતે જોઈએ તો કોરોનાના લીધે થતા મૃત્યુનો દર ઘણો નીચો છે. પંરતુ ચેપી હોવાના લીધે પેનિક ફેલાય છે. આવા સંજોગોમાં નાગરિકોએ સરકારની ગાઈડ લાઈનનુ પુરતુ પાલન કરીને સતર્કતા દાખવવી અનિવાર્ય છે. નગરના આર્યુવેદિક નિષ્ણાંત ડો દિનેશ પંડયાએ આ સાઈટ પરથી મેળવેલા આંકડા પરથી કોરોનાના મૃત્યુ દર અંગે વિશેષ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે અન્ય કોઈ બિમારી હોય તેવા કિસ્સામાં મૃત્યુ દર વધુ છે. જેથી સાવધ રહેવાની અનિવાર્યતા છે. આર્યુવેદિક ઉપચાર પણ આ મહામારીમાં અસરકારક છે.

## દેશના ખ્યાતનામ જયોતિષ બેજાન દારૂવાલાનું સારવાર દરમિયાન નિધન

**જ્યોતિષે કોરોના વહેલો વિદાય લેશે એમ પણ કહ્યું હતું : અઠવાડિયા પહેલાં શ્વાસ લેવામાં તકલીફ થતાં એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા**

નવી દિલ્હી, તા. ૧૧

વિશ્વભરમાં પોતાની ખ્યાતિ ફેલાવનારા અમદાવાદના જાણીતા જયોતિષ બેજાન દારુવાલાનું શ્વાસની તકલીફથી નિધન થયું છે. તેઓ એપોલો હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, અને તેમને શ્વાસ લેવામાં તકલીફ થતાં વેન્ટિલેટર પર મૂકાયા હતા. તેઓ ૮૯ વર્ષના હતા.

તેમના દીકરાએ કહ્યું કે, મારા પિતાને ન્યુમોનિયા થયો હતો અને ડોક્ટર તેમના મગજને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળી રહે તે માટે સારવાર કરી રહ્યા હતા. તેમને કોરોના થયો છે તેવા દરેક દાવાને હું નકારી રહ્યો છું.

દારુવાલાના પુત્ર નસ્તુરે જણાવ્યું હતું કે, તેમના પિતા એક યોદ્ધાની માફક છેલ્લા શ્વાસ સુધી બીમારી સામે લડ્યા. તેમણે આગાહી કરી હતી કે કોરોના વાયરસ જલ્દીથી ચાલ્યો જશે. દેશ વિશે આગાહી કરતા તેમણે એમ



પણ જણાવ્યું હતું કે, ગરીબી તેમજ બેકારી છતાં પણ ભારત ફિનિક્સની જેમ બેઠું થશે. આગામી વર્ષ દેશ માટે ખૂબ જ સારું રહેશે, અને ભારત જલ્દીથી મહાસત્તા બનશે. તેઓ અંગ્રેજીના પ્રોફેસર પણ રહી ચૂકયા છે. બેજાન દારૂવાલાએ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તેવી આગાહી કરી હતી. સંજય ગાંધીની ભવિષ્ય વાણી કરીને તેઓ ચર્ચામાં આવ્યા હતા. તેઓ વિશ્વવિખ્યાત જયોતિષ અને ટેરો રેડિંગ, વાસ્તુ, હવામાન વિજ્ઞાનને લગતી બાબતોના નિષ્ણાત હતા.

જે અંગે તેમના દીકરાએ જણાવ્યું કે તેમને ન્યુમોનિયા અને બ્રેઈન હાઈપોક્સિયાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

## શહેરમાં અસહ્ય બફારો : તાપમાન ૪૧.૫ ડિ.સે.

**મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો પરંતુ ભેજના કારણે બફારો ખુબ અનુભવાયો**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે ખુબ બફારો અનુભવાયો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. ભેજનું પ્રમાણ વધુ રહેતા બફારો ખૂબ થયો હતો.

મે મહિનાના અંતિમ દિવસોમાં ગરમી ખૂબ વધી રહી છે. છેલ્લા બે-ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીની નજીક રહ્યુ હતુ. જેના કારણે સખત ગરમી અનુભવાતી હતી. આકરી ગરમીની અસર જનજીવન પર પણ વ્યાપકપણે જોવા મળી હતી. લોકડાઉનમાં છૂટ હોવા છતાં ગરમીના કારણે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. શોપીંગ સેન્ટરોમાં મોટાભાગની દુકાનો બપોરે ચાર વાગ્યા સુધી ચાલુ રહેતી હોવા છતાં બજારોમાં જરાય ભીડ જોવા મળી ન હતી. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની દુકાનો સિવાયની તમામ દુકાનો બંધ જ રહી હતી. લોકડાઉનની પાબંદીઓની સાથોસાથ આકરી ગરમીના કારણે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાના બદલે ઘરમાં જ રહેવાનુ પસંદ કર્યુ હતુ.

છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી વધુ રહ્યા બાદ આજે તાપમાનનો પારો બે ડિગ્રી જેટલો ગગડ્યો હતો અને મહત્તમ તાપમાન ૪૧.૫ ડિ.સે. નોંધાયુ હતુ. વાવાઝોડાની અસરના કારણે શહેરના આકાશમાં પણ છુટાછવાયા વાદળો જોવા મળ્યાં હતા. આકાશમાં વાદળો હોવાથી તાપમાન થોડુક ઘટ્યુ હતુ પરંતુ ભેજનુ પ્રમાણ વધ્યુ હતુ. ભેજનું પ્રમાણ ૭૧ ટકા જેટલુ રહેતા બફારો ખૂબ અનુભવાયો હતો. બફારાના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. પંખા ચાલુ હોવા છતાં પરેસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. પરસેવો ખુબ થતા એસીને ફૂલ સ્પીડે ચલાવવાની ફરજ પડી હતી. ગરમી અને બફારાના કારણે વસાહતીઓએ ઘરમાં જ રહેવાનુ પસંદ કર્યુ હતુ. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને આંબી જાય તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 8th June, 2020, inter-alia, to consider and take on record the Audited Financial Results *(Standalone & Consolidated)* of the Company for the Quarter & Year ended on 31st March, 2020 and to recommend dividend, if any, for the financial year 2019-20.

The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Rajeshwari Sharma
Company Secretary

Place: Gandhinagar
Date: 29th May, 2020

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com